**ક્રિ.કેસ નં. 1900482-2014**

## આંક–૧ ની ચાર્જશીટ લગત હુકમ

કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ વાંચતા એવું જણાય છે. કે આરોપીને અવાર નવાર પ્રોસેસ કાઢવા છતાં તેની કોઈ અસરકારક બજવણી કરવામાં આવેલ નથી અને આરોપીને કોર્ટ સમક્ષ હાજર કરી શકાયેલ નહીં. આ સંજોગોમાં આરોપીની સતત ગેરહાજરીને કારણે ટ્રાયલ ચલાવી શકાય તેમ નથી.

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ, સમન્સ, ટ્રાયેબલ કેસોમાં કાર્યવાહીના કોઈપણ તબકકે મેજીસ્ટ્રેટને એવું જણાય કે કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ નથી, ત્યારે તે કેસનું સ્ટોપ પ્રોસીડીંગ્સ કરી શકાય છે. હાલના કેસમાં પણ આરોપીની સતત ગેરહાજરીને કારણે કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ન હોવાથી કેસનું સ્ટોપ પ્રોસીડીંગ્સ કરવું જરૂરી જણાય છે. કેસનું સ્ટોપ પ્રોસીડીંગ્સ કરવાથી આરોપીને નિર્દોષ ઠરાવવાના નથી, ફકત તેમને બિનતહોમત છોડવાના રહે છે. જેથી ભવિષ્યમાં આરોપી મળી આવે ત્યારે કેસને ફરીથી ટ્રાયલ ઉપર લઈ જઈ શકાય તેમ છે. આ તબકકે નીચે મુજબના ચુકાદાઓ પણ ધ્યાને લેવા જરૂરી છે.

(૧) મુલચંદ મોતીલાલ રાકા વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર
૧૯૯૬(૧) Bom CR ૩૧૬, ના.બોમ્બે હાઈકોર્ટ

(૨) સ્ટેટ ઓફ ગુજરાત વિ.ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ
૧૯૯૭ (૩) GLR ૧૯૪૬, નામદાર ગુજરાત હાઈકોર્ટ

ઉપરોકત બંને ચુકાદા વાંચતાં, એવું સ્પષ્ટપણે જણાય છે. કે, જયારે ટ્રાયલ ચલાવવા માટે આરોપી એક અગત્યના સાહેદ મળી ન આવે ત્યારે મેજીસ્ટ્રેટ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ સમન્સ કેસનું સ્ટોપ પ્રોસીડીંગ્સ કરી શકે છે. ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતો હાલના કેસને લાગુ પડે છે. આ કામના આરોપીના જામીનદારો પણ મળી આવતા નથી, જે તમામ હકીકતો ધ્યાને લેતા છેલ્લા ત્રણ વર્ષથી જો આરોપીની હાજરી આઈ.ઓ. મારફતે પણ સુનિશ્ચિત થઈ શકતી નથી, ત્યારે એવા નામમાત્રના દંડથી સજાને પાત્ર ગુનામાં સરકારની મશીનરીનો વ્યય કરવું યોગ્ય જણાતું નથી, જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ આરોપી જયારે મળી આવે ત્યારે ફરીયાદ પક્ષ ફરીથી કેસ દાખલ કરી શકશે તે શરતે ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૮ મુજબ હાલના આ કેસનું સ્ટોપ પ્રોસીડીંગ્સ કરવામાં આવે છે તથા હાલના કેસની કાર્યવાહી આથી બંધ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૪મી ડિસેમ્બર સને ૨૦૨૪ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪
અમદાવાદ શહેર

**(વિપિન કુમાર બંસલ)**
GJ01233
૪૦માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર